R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૭મું

VOLUME : 02 • ISSUE : 09 • PAGES : 24 • MUMBAI • DATE : 5TH MARCH 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA

www.hdfire.com

With Best Compliments from:

**MICROFINISH**

**Pumps • Valves • Automation**




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

**MICROFINISH VALVES PVT. LTD.**

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

|| નમો નમઃ શ્રી ગુણસાગરસૂરયે || || વરસીતપના પ્રણેતા શ્રી આદિનાથાય નમઃ || || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી-મહાકાલીદેવ્યૈ નમઃ ||

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

સંઘ પ્રેરક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૨ ૯૩૦૪

## શ્રી સંઘના ઉપક્રમે

# સમુહ વર્ષીતપ પારણા મહોત્સવ

**સંવત ૨૦૭૮ વૈશાખ સુદી ત્રીજ (અખાત્રીજ), મંગળવાર, તા. ૩-૫-૨૦૨૨ ના રોજ**



**અચલગચ્છીય વર્ષીતપ આરાધકોના સમુહ વર્ષીતપ પારણા મુંબઈ મધ્યે યોજાશે.**

અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તિ, પ્રશમરસનિધિ
પ.પૂ.આ.ભ.શ્રી **મહોદયસાગરસૂરીશ્વરજી** મ.સા. આદિ
પૂજ્ય ગણિવર્યો, સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં યોજાયેલ
ચતુર્વિધ સંઘના સમુહ વર્ષીતપ પારણા મહોત્સવમાં જોડાવા.

**અચલગચ્છીય તપસ્વી આરાધકોને ભાવભર્યુ આમંત્રણ છે.**

સમુહ પારણામાં જોડાવા તપસ્વીઓએ નીચેના સ્થળેથી ફોર્મ મેળવી/ભરી પાછું આપવા વિનંતી

- શ્રી સંઘ કાર્યાલય (ચીંચબંદર-મુંબઈ)
- શ્રી અનંતનાથ જિનાલય (કાથાબજાર-મુંબઈ)
- શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય (ઘાટકોપર-પૂર્વ)
- શ્રી વાસુપૂજ્ય જૈન દેરાસર (ઝવેર રોડ-મુલુંડ વેસ્ટ)
- શ્રી સુમતિનાથ જૈન દેરાસર (મુલુંડ-પૂર્વ)
- શ્રી સુવિધિનાથ જિનાલય (ડોંબિવલી-પૂર્વ)
- શ્રી મલ્લિનાથ જિનાલય (જોગેશ્વરી-પૂર્વ)
- શ્રી મુનિસુવ્રતસ્વામિ જિનાલય (નાલાસોપારા-પૂર્વ)
- શ્રી મુનિસુવ્રતસ્વામિ જિનાલય (વાશી-નવી મુંબઈ)
- શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જિનાલય (માટુંગા-સે.રે.)

સંપર્ક : પ્રવિણભાઈ - ૯૮૨૦૫ ૬૫૨૬૧ • જિતેન્દ્રભાઈ - ૮૨૯૧૩ ૯૫૮૦૧

સર્વ વર્ષીતપ આરાધકોને વંદન કરી શાતા પૂછીએ છીએ, આપ સૌ તપસ્વીઓ શાતામાં હશો.

લિ. શ્રી સમુહ વર્ષીતપ પારણા સમિતિ - કન્વીનર શ્રી હરખચંદ ખીમજી ગંગર

|| શ્રી સંભવનાથ સ્વામીને નમઃ ||

|| નમો નમઃ આર્ય–જય–કલ્યાણ–ગૌતમ–નીતિ–ગુણ–ગુણોદય–કલાપ્રભ–કવિન્દ્ર–વીરભદ્ર–મહોદયાબ્ધિસૂરિભ્યો ||

# શ્રી વિરાર અચલગચ્છ જૈન સંઘ

Reg. No. E-1268 (Thane)





**દિવ્યકૃપા :** શાસન સમ્રાટ, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ, **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી** મહારાજા

**દિવ્યકૃપા :** તપચક્રવર્તી તપસ્વી સમ્રાટ, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મહારાજા

**શુભાશિષ :** અજોડ શાસન પ્રભાવક, સરળ સ્વભાવી **પ.પૂ.આ.ભ. શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી** મહારાજા

**દિવ્યાશિષ :** જ્યોતિષાચાર્ય, સ્પષ્ટ વક્તા **પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી** મહારાજા

**મંગલાશિષ :** પ્રશમરસનિધિ આગમ અભ્યાસી **પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી** મહારાજા

**: પ્રેરણાદાતા :**

સાહિત્ય સમ્રાટ. સંઘ કૌશલ્યાધાર, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મહારાજા

**: માર્ગદર્શક :**

નવકારમંત્ર આરાધક, રજત વર્ષીતપ આરાધક, શાસનરત્ન **શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ (ભા)**



## નુતન ઉપાશ્રય સહ ત્રિ–મંજલી વિવિધલક્ષી ભવન નિર્માણ યોજના

**એકાદશગણધર સ્મૃતિ કારક દાતા ...... ૧૧,૦૭,૦૦૦/–**

**પંચમહાવ્રતસ્મૃતિ પ્રદાયક દાતા ............૫,૦૪,૦૦૦/–**

**અઢી દ્વિપ મહિમા દાયક દાતા .............૨,૫૨,૦૦૦/–**

**સિદ્ધગિરિ નામસ્મરણ પ્રાપક દાતા .......૧,૦૮,૦૦૦/–**

**સિધ્ધચક્ર ગરિમા ધારક દાતા ..................૫૪,૦૦૦/–**

ઉપરોક્ત દાતાઓની દાન પ્રમાણે યોગ્ય જગ્યાએ તક્તિઓ લગાડવામાં આવશે.

**"લક્ષ્મી ને મહાલક્ષ્મી બનાવવા લાભ લો સવાયા**
**સુકૃતોની અનુમોદનાએ અમ હૈયા હરખાયા"**

**સંપર્ક**

પ્રમુખઃ ડૉ.નરેશ જાદવજી છેડા–મોટા લાયજા : 9823146222

તરૂણ પ્રેમજી વોરા – બિદડા : 9764121002
રમેશ ચાંપશી મોતા – કોઠારા : 9326466332
અનિલ તલકશી ઘરોડ – પત્રી : 9921279928
રાજેશ દામજી મૈશેરી – મો. સિંધોડી : 9820195301
ભરત પ્રેમજી લાલન – કોડાય : 9322777406
તેજસ શાંતિલાલ સાવલા – બાડા : 8806464666

**તંત્રી સ્થાનેથી**

# વિશ્વ મહિલા દિવસ



- ડૉ. હીરાચંદ દંડ

સમગ્ર વિશ્વ ૮મી માર્ચના વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરશે એ પ્રસંગે સર્વે ક.દ.ઓ. મહિલાઓ, બહેનો, દિકરીઓને વિશ્વ મહિલા દિવસની શુભકામનાઓ.

આ સામાજીક જાગૃતિનું પર્વ છે. મહિલાઓ-દિકરીઓનો દિવસ છે અને ભેદભાવ વિરોધી દિવસ છે. વીસમી સદીના પ્રારંભમાં ઉત્તર અમેરિકા અને યુરોપમાં કામદાર ચડવડમાંથી વિશ્વ મહિલા દિવસનું સંસ્કરણ થયું છે. ૧૯૭૭માં યુનો દ્વારા સ્વીકૃતિ મળ્યા પછી વિશ્વ મહિલા દિવસ મનાવાય છે. આ દિવસે મહિલાઓની ઐતિહાસિક, સાંસ્કૃતિક તથા રાજકીય સફળતાઓને વૈશ્વિક સ્તરે ઉજવાય છે. વિસમી સદીના પ્રારંભમાં મહિલાઓને વેતનની અસમાનતા હતી, મતદાનનો અધિકાર ન હતો તથા અમેરિકામાં કામના કલાકો મહિલાઓ માટે વધુ હતા. આ બધી બાબતોના વિરોધમાં ૧૫૦૦૦ જેટલી મહિલાઓએ ૧૯૦૮માં ન્યુયોર્ક શહેરમાં મોરચો કાઢ્યો હતો. અને પોતાના હક્કો માટે માંગણી કરી હતી.

આપણા ભારત દેશમાં મહારાણી લક્ષ્મીબાઈ, અહિલ્યાબાઈ હોલકર, બેગમ હઝરત મહલ, ઉદાદેવી, રાણી અવંતીબાઈ, અઝ્ઝુનબાઈ, રાણી વેલુ નાચીયાર તથા અન્ય મહાન મહિલાઓ જેઓએ શાસન કર્યું અને લડાઈઓ પણ લડી. અનેક મહિલાઓ સ્વતંત્ર અને જ્ઞાની હતી પરંતુ ભારતમાં તેમને રાજકારણ કે યુદ્ધના મોરચે જવાની છુટ ન હતી. તેમને ઘરમાં રહેવા અને પરિવારની તથા બાળકોની કાળજી જ લેવાની હતી. તેમને ઘરથી બહાર જવા માટે પણ પતિ કે પરિવારના વડાની રજા લેવી પડતી હતી.

ભારતના સ્વતંત્રતા સંગ્રામ વખતે અનેક મહિલાઓ બહાર આવી અને ખુલ્લી રીતે સ્વતંત્રતા સંગ્રામમાં જોડાઈ ગઈ અને એ રીતે ભારતમાં નવા યુગનો પ્રારંભ થયો. ક.દ.ઓ. જ્ઞાતિ સ્ત્રીઓની શક્તિને માન્યતા આપવામાં અગ્રક્રમે રહી છે. રાણબાઈ હિરજી છેડાએ છોકરીઓને શિક્ષિત કરવાની મોહિમ ઉપાડી હતી. માનબાઈ પદમશી, માનબાઈ રાયચંદ, દેવકાબેન જવેરચંદ પદમશી, મણીબાઈ ચીમનલાલ વર્ધમાન, ડૉ. ધનલક્ષ્મી વેરશી મૈશેરી જેવી અનેક મહિલાઓએ સ્ત્રી જાગૃતિ અને શિક્ષણ તથા સ્ત્રી સશક્તિકરણ માટે ઉમદા પ્રયાસો કર્યા હતા.

આજે આપણી જ્ઞાતિમાં ઉચ્ચ શિક્ષિત દિકરાઓ કરતા ઉચ્ચ શિક્ષિત દિકરીઓની સંખ્યા વધુ છે એ દર્શાવે છે કે સ્ત્રી સશક્તિકરણની દિશામાં આપણે વિશ્વ સાથે કદમ મિલાવી રહ્યા છીએ. આપણી દિકરીઓ તથા મહિલાઓ સ્વતંત્ર રીતે સફળતાપૂર્વક વેપાર-ધંધો ચલાવી રહી છે. આ બધી બાબતો આપણી જ્ઞાતિની મહિલાઓની શક્તિ-સામર્થ્ય તથા સફળતા દર્શાવે છે.

પોતાના પરિવારની તેજસ્વી તારિકા બનેલી આપણી જ્ઞાતિની સર્વે મહિલાઓ તથા દિકરીઓને વિશ્વ મહિલા દિવસ પ્રસંગે ખૂબ ખૂબ અભિનંદન તથા ઉચ્ચતમ્ ભવિષ્યની શુભકામનાઓ.

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના　　ઉદયન લાલજી લોડાયા



**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા　　કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના　　પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા　　શૈલેશ સનત્ શાહ

ઉદયન લાલજી લોડાયા　　કિરીટ ખેતસી શાહ

જયંત વિશનજી છેડા

**: ઑડીટર્સ :** CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૨, અંક : ૦૯, તા. ૦૫-૦૩-૨૦૨૨**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**


## ખોના અને લોડાયા પરિવારનું ગૌરવ

**CA ની ઉચ્ચતમ્ ડિગ્રી હાંસિલ કરવા બદલ**
**અંતઃકરણપૂર્વક અભિનંદન અને શુભેચ્છા...**

**અભિનંદન**



**અભિનંદન**

**CA કરણ અલ્પા મનોજ ખોના**

**(ગોરખડી - ડોંબીવલી)**

**દાદી-દાદા :**
**મંજુલાબેન દેવચંદ ખોના અને પરિવાર**
**નાની-નાના :**
**રંજનબેન મેઘજી લોડાયા અને પરિવાર**


શ્રી શાંતિનાથાય નમો નમઃ

## મા આશાપુરાની પહેડી

જય માતાજી સાથે સહર્ષ જણાવવાનું કે મોટી સિંધોડી - મૈશેરી પરિવારના કુળદેવી મા આશાપુરાની ચૈત્રી નવરાત્રી મધ્યે પહેડી-પ્રસાદનો કાર્યક્રમ ચૈત્ર સુદ બીજને રવિવાર, તા. ૩.૪.૨૦૨૨ના દિવસે સવારે ૯ થી ૨ ડોંબિવલીમાં રાખવામાં આવેલ છે. સર્વે ભાવિકો તેમજ નિયાણી બહેનોને પરિવાર સહિત પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**ભુઈમા ખમાવંતી ગુલાબ મૈશેરીના સર્વેને જય માતાજી**

**-: પહેડીના લાભાર્થી પરિવાર :-**

**માતુશ્રી લક્ષ્મીબેન નરશી મૈશેરી**

**રવિવાર, તા. 3/4/2022**
**સમય : સવારે ૯.00 થી બપોરે ૨.00 કલાકે**
**સ્થળ : હૉરીઓન બેન્કવેટ હૉલ, ડી-માર્ટ પાસે, માનપાડા રોડ, ડૉંબિવલી [ઈસ્ટ].**

**નોંધ : પહેડીમાં કાળા વસ્ત્રો પહેરવાની સખત મનાઈ છે.**

# મળવા જેવા માણસ...
## શ્રી ઈશ્વરચંદ્ર ગુલાબચંદ લોડાયા-વારાપધર (અંધેરી)



સરકારી વિભાગોમાં ઉચ્ચ પદ પ્રાપ્ત કરનારા ક.દ.ઓ. જ્ઞાતિજનો ખૂબજ ઓછા છે. એમાં પણ ન્યાયાલયમાં ઉચ્ચ પદે નિયુક્ત થયેલા જ્ઞાતિજનો જૂજ છે. આવો આજે મળીએ એવા જ એક મહત્ત્વપૂર્ણ ક.દ.ઓ . જ્ઞાતિજન શ્રી ઈશ્વરચંદ્ર ગુલાબચંદ લોડાયા-વારાપધર (અંધેરી), કે જેઓ આઈ.જી. શાહ તરીકે સુપ્રસિદ્ધ છે અને હાઈકોર્ટના જજ રહી ચૂક્યા છે. કદાચ તેઓ એવા પ્રથમ ક.દ.ઓ. જ્ઞાતિજન છે કે જેઓ હાઈકોર્ટના જજ રહ્યાં છે.

રવિવારે બપોરના જસ્ટીસ આઈ.જી. શાહને તેમના વરસોવા સ્થિત નિવાસસ્થાને મળીને મુલાકાત લેવાનું ખૂબજ રસપ્રદ રહ્યું. તેમણે પોતાના બપોરના આરામના સમયનો ભોગ આપી મારી સાથે વાતો કરી જે તેમની વિનમ્રતા તથા સ્નેહ દર્શાવે છે.

જસ્ટીસ આઈ.જી. શાહનો જન્મ તથા ઉછેર ધુલિયામાં થયો. તેમના પિતાશ્રી ગુલાબચંદ ભવાનજી લોડાયા ધુલિયાના અગ્રણી વેપારી હતા તથા રાજકારણ અને સમાજસેવામાં પણ સક્રિય હતા. તેઓશ્રી ઓઈલ મિલ, જીનીંગ પ્રેસ તથા લાકડાની વખાર ધરાવતા હતા. અને ૧૯૩૮માં ધુલિયા નગરપાલિકાના પ્રમુખ પણ રહ્યા હતા. પિતાશ્રીની જેમ તેમના માતુશ્રી જયવંતીબેન ગુલાબચંદ લોડાયા પણ રાજકારણ તથા સમાજસેવામાં સક્રિય હતા અને ૧૯૫૪માં તેઓ પણ ધુલિયા નગરપાલિકાના પ્રમુખપદે રહ્યાં હતાં. શ્રી યશવંતરાવ ચૌહાણ, શ્રી એસ. કે પાટીલ તથા અન્ય નેતાઓ તેમના ઘરે આવતા જતા હતા.

જસ્ટીસ આઈ. જી. શાહ પણ રાજકારણમાં સક્રિય હતા. અને તેઓ પણ ૧૯૬૦માં ધુલિયા નગરપાલિકાના પ્રમુખ રહી ચૂક્યા છે. તેઓશ્રી ૧૯૫૯ થી રોટરી ક્લબમાં જોડાયા હતા અને આજે તેઓ વિશ્વના હયાત વરિષ્ઠ રોટેરિયન છે. આવો જસ્ટીસ આઈ.જી. શાહ પાસેથી જ તેમની જીવન યાત્રા વિશે જાણીએ.

**પ્ર.સ.:** આપની શિક્ષણયાત્રા વિશે જણાવો તથા પરિવારનો વેપાર-ધંધો ચલાવવા કોમર્સ ગ્રેજ્યુએટ બનવાને બદલે આપશ્રીએ કાયદાનું શિક્ષણ લેવાનું કેમ પસંદ કર્યું?

**આઈ.જી. શાહ :** મેં એસ.એસ.સી. સુધીનો અભ્યાસ ધુલિયામાં કર્યો એ પછી મુંબઈની વિલ્સન કૉલેજમાં ઈન્ટર સાયન્સ સુધી અભ્યાસ કર્યો. ત્યારબાદ આઈ.એલ.એસ. લૉ કૉલેજ-પુનામાંથી એલ.એલ.બી. ૧૯૫૪માં પુર્ણ કર્યું.

હું હંમેશા વ્યવસાયિક બનવા ઈચ્છતો હતો અને વ્યાપાર ધંધો કરવા માંગતો ન હતો એટલે સાયન્સના અભ્યાસક્રમમાં જોડાયો. હું મેડીકલ કૉલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છતો હતો, પરંતુ એ માટે ૨ ટકા માર્ક્સ ઓછા પડ્યા. મને લંડનની મેડીકલ કૉલેજમાં પ્રવેશ મળ્યો હતો. પણ ઘણુંબધું વિચાર્યા પછી મેં લંડન જવાનું માંડી વાળ્યું અને લૉ કૉલેજ જોઈન્ટ કરી. મેં કામ કરવાનું શરૂ કર્યું એ પછી મેં બી.એ. નું શિક્ષણ એક્સર્ટનલ સ્ટુડન્ટ તરીકે પૂર્ણ કર્યું.

**પ્ર.સ.:** કાયદાકીય ક્ષેત્રમાં આપની સફર વિશે પ્રકાશ પાડશો?

**આઈ.જી. શાહ :** ૧૯૫૪માં કાયદાનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી ધુલિયાના અગ્રણી કાયદાવિદ એસ.બી. કોટવાલના સહાયક તરીકે કામ કરવાનું શરૂ કર્યું. તે વખતે સહાયક વકીલોને કોઈ પગાર કે સ્ટાઈપેન્ડ નહોતું મળતું પણ તેમને પોતાની રીતે ક્લાયન્ટોના કેસ લેવાની છૂટ રહેતી અને તેઓ તેની ફી લઈ શકતા. હું ૧૯૭૫માં આસીસ્ટન્ટ ડીસ્ટ્રીક જજ બન્યો ત્યાં સુધી કોટવાલ સાહેબ સાથે જ કામ કર્યું. ૧૯૭૫ સુધી મારા ક્લાયન્ટોના કેસ મુંબઈ હાઈકોર્ટમાં પણ લડતો હતો. ૧૯૭૭માં હું ડીસ્ટ્રીક જજ બન્યો અને ૧૯૮૯માં મારી નિમણુંક મુંબઈ હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે થઈ ત્યાં સુધી જીલ્લા ન્યાયાધીશ તરીકે ફરજ બજાવી. સપ્ટેમ્બર ૧૯૯૪માં હું સેવા નિવૃત્ત થયો. ત્યારબાદ મેં દિલ્હીમાં સુપ્રીમ કોર્ટમાં સીનીયર કાઉન્સેલ તરીકે પ્રેક્ટીસ શરૂ કરી જેમાં ઈ.સ. ૨૦૦૦ સુધી કાર્યરત રહ્યો. હું નાસિક તથા ધુલિયામાં સ્થાયી થયેલા મારા પરિવારજનોની નીકટ રહેવા

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

ઈચ્છતો હતો એટલે મુંબઈ આવવાનો નિર્ણય કર્યો. મારા સહયોગી એવા શ્રી કપિલ સિબ્બલ તથા અન્ય વકીલ મિત્રોએ મને દિલ્હી ન છોડવા કહ્યું, પરંતુ મારા માટે નામ અને પ્રસિદ્ધિ કરતા પરિવારજનો વધુ મહત્ત્વના હતા. જ્યારે હું જીલ્લા ન્યાયાધીશ હતો ત્યારે જાલના, અમરાવતી, નાગપુર, ઔરંગાબાદ, બીડ, નાંદેડ, નાસીક તથા અન્ય શહેરોમાં રહ્યો હતો જે મારા પરિવારથી દૂર સ્થિત હતા.

**પ્ર.સ.:** ન્યાયાધીશ તરીકે તમને કઈ કોર્ટમાં ફરજ બજાવતી વખતે વધુ આનંદ થયો? ન્યાયાધીશ તરીકે તમારો પગાર તથા સુવિધાઓ પણ ખૂબ વધુ હશે.

**આઈ.જી. શાહ :** અમરાવતી અને નાંદેડના ન્યાયાલયોમાં ફરજ બજાવતી વખતે અન્ય શહેરોની સરખામણીમાં વધુ આનંદ માણ્યો. તે સમયે ન્યાયાધીશોનો પગાર ઘણો ઓછો હતો. હાઈકોર્ટના જજ તરીકે પણ મારો પગાર મહિને રૂા. સાત હજાર જ હતો. હા જીલ્લા ન્યાયાધીશ તથા હાઈકોર્ટના જજ તરીકે કાર, ડ્રાઈવર, કર્મચારીઓ તથા રહેઠાણ જેવી સુવિધાઓ મળતી. આજે પણ હાઈકોર્ટના જજનો પગાર મહિને બે લાખ રૂા. જેવો છે પણ ન્યાયાધીશ તરીકે મળતું માન અને મોભો એ વધુ મુલ્યવાન છે. એટલે ઓછો પગાર બહુ મહત્ત્વપૂર્ણ નથી.

**પ્ર.સ.:** ન્યાયાધીશ તરીકે તમે હજારો વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા હશો. એમાંથી કોઈએ કદાચ પોતાના પૈસા, સત્તા કે પ્રતિષ્ઠાથી તમને પ્રભાવિત કરવા પ્રયત્ન કર્યો હશે. એવો કોઈ કિસ્સો તમે કહેવા ઈચ્છશો?

**આઈ.જી. શાહ :** દરેક ક્ષેત્રમાં કામ કરતી વખતે તમે અનેક વ્યક્તિઓના સંપર્કમાં આવો છો. ન્યાય-ક્ષેત્રમાં પણ તમને એવા લોકો મળે છે કે જેઓ માને છે કે પૈસો અને સત્તા બધું ખરીદી શકે છે. મેં આવી પરિસ્થિતિઓ સંભાળપૂર્વક હાથ ધરી છે અને આવા પ્રલોભનોથી હંમેશા દૂર રહ્યો છું. અને એટલે જ ધુલિયા નગરપાલિકાના પ્રમુખ બન્યા પછી મારી રાજકીય કારકિર્દીને આગળ ન વધારી.

**પ્ર.સ.:** તમારી રોટેરીયન તરીકેની પ્રવૃત્તિઓ જણાવશો? આપ અત્યારે પણ રોટરી ક્લબના સભ્ય છો?

**આઈ.જી. શાહ :** હું ૧૯૫૯માં રોટરી ક્લબ ઑફ ધુલિયાનો સભ્ય બન્યો હતો અને આજ સુધી હું રોટેરિયન છું. ૧૯૬૩માં હું રોટરી ક્લબ ઓફ ધુલિયાનો પ્રમુખ બન્યો હતો તેમજ ૧૯૬૯માં હું ડીસ્ટ્રીક ગવર્નર પણ રહી ચૂક્યો છું. એ દિવસોમાં અમારા ડીસ્ટ્રીકમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તથા રાજસ્થાનના કેટલાક ભાગ હતા. મેં આમાનાં વિવિધ શહેરોની રોટરી ક્લબની મુલાકાતો લીધી હતી. ૧૯૬૯માં આજની જેમ મોબાઈલ, ઈન્ટરનેટની સુવિધાઓ ન હતી તેથી બધું આયોજન આગોતરું કરવું પડતું. પણ રોટરી ક્લબમાં તે સમયે પરિવાર પ્રથમ, ધંધો-વ્યવસાય દ્વિતીય તથા રોટરી ત્રીજા ક્રમાંકે હતા. પણ અત્યારે ડીસ્ટ્રીક ગવર્નર માટે રોટરી પ્રથમ આવે છે, પરિવાર તથા ધંધો-વ્યવસાય પછી. આ ખરેખર પાગલપણું છે પણ સચ્ચાઈ છે.

મેં રોટરી ક્લબનો આનંદ ભરપૂર લીધો છે. ધુલિયા રોટરી ક્લબમાં આઈ કેમ્પ, આદિવાસીઓને સહયોગ, જરૂરતમંદોને મદદરૂપ થવા જેવા અનેક પ્રોજેક્ટ ચલાવ્યા હતા. રોટરી ક્લબ માટેનો મારો પ્રેમ સદાબહાર છે. વર્તમાનમાં હું મુંબઈ ડાઉનટાઉન સી લેન્ડનો સભ્ય છું. છેલ્લા ૬૩ વર્ષથી હું રોટેરીયન છું. જ્યારે ન્યાયક્ષેત્રમાં આસી. ડીસ્ટ્રીક જજ તરીકે જોડાયો ત્યારે પણ મેં શરત મુકેલી કે હું મારી રોટરી ક્લબની મેમ્બરશીપ ચાલુ રાખીશ.

**પ્ર.સ.:** ક.દ.ઓ. યુવાનો તથા વિદ્યાર્થીઓ માટે કોઈ સંદેશ?

**આઈ.જી. શાહ :** સખત પરિશ્રમનો કોઈ જ વિકલ્પ નથી. અને વિદ્યાર્થીઓએ ખાસ સરકારી નોકરી મેળવવા માટેના કોર્સીસ તથા આઈ.આર.એસ., આઈ.પી.એસ. જેવા ક્ષેત્રોમાં પ્રવેશવા વિચારવું જોઈએ, પ્રયત્નો કરવા જોઈએ. જ્ઞાતિના ઉજ્જ્વલ ભવિષ્ય માટે ક.દ.ઓ. જ્ઞાતિજનોએ સરકારી ક્ષેત્રમાં પ્રવેશવું જ જોઈએ.

**પ્ર.સ.:** શાહ સાહેબ, પ્રેરણાત્મક તથા ઉમદા માહિતી બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

**- ડૉ. હીરાચંદ દંડ**


**કન્યા છાત્રાલય માટે આસીસ્ટન્ટ ગૃહમાતા જોઈએ છે**

**રહેવા-જમવાની સગવડતા સાથે**

કચ્છી દસા ઓસવાલ જૈન જ્ઞાતિજનને પ્રથમ પસંદગી
સંપૂર્ણ બાયોડેટા તથા બે રેફરન્સ સાથે સ્વઅક્ષરે અરજી કરો

**શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન કન્યાછાત્રાલય**
C/o. શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થી ગૃહ
લક્ષ્મી નિવાસ, કામાલેન, ઘાટકોપર(વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.
**ફોન : ૨૫૧૦૦૧૫૭ / ૨૫૧૩૩૧૭૪**



**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી તેજલબેન રાજેશ પ્રેમજી શાહ (લોડાયા) - મોટી સીંધોડી (સાયન)**

સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭


ભાગ – ૦૬

## વાત... શ્રી આઝાદ કચ્છ મિત્ર મંડળની

**સહ સ્થાપકશ્રી**



**સ્વ. શ્રી લક્ષ્મીચંદ ભારમલ નાગડા**
**પૂન્ય તિથિ ૫ જુલાઈ, ૧૯૯૯**

**છેલ્લો ટમટમતો દિપક**



**શ્રી લીલાધર નરશી ખોના**
**૮૭ વર્ષની ઉંમરે હાલ સ્વસ્થ જીવન જીવી રહ્યા છે...**

સાનુકુળ પવને અમારી નાવડીની સઢમાં નવો સંચાર કર્યો. ગજગામીની ની જેમ મલપતી... મલપતી... ચાલે અરબી સમુદ્રનાં જળ કાપતી... કાપતી... આગળ વધી રહી હતી. પૂર્વ દિશામાં સુર્યનારાયણની સ્વારીને વધાવવા, ઉષાદેવી આભમાં નયનરમ્ય રંગોળી પુરી રહી હતી. અમારી નાવડી પરનું એકમાત્ર તિથિદર્શિકા (કેલેન્ડર) હવામાં ફર-ફર થઈ રહ્યું હતું. દરિયાનાં ઉછળતાં મોજાઓમાં કેટલાક વિદેશી પક્ષીઓ દેખાઈ રહ્યા હતા તો આકાશમાં કતારબંધ કુંજ દેખાઈ રહી હતી. કચ્છ લગભગ નવેમ્બરથી મે મહિના સુધી યાયાવર પક્ષીઓ માટે યજમાન બને છે. કચ્છ પશુ-પક્ષીઓ માટે દયાભાવ રાખે છે તેથી જ તો આપણને લોકગીત મળે છે...

**''કુંજલડી ન માર વીરા, કુંજલડી ન માર...**
**કુંજલડી વેંધી દરિયા પાર...''**

વાતાવરણમાં એક અનોખી સુગંધ પ્રસરી રહી હતી. અમારા કેપ્ટનની નજર કેલેન્ડરનાં પાના પર ગઈ દિવસ અને વાર જાણવા એ એકજ સહારો હતો.

સંશોધનકાર કેપ્ટન અચાનક ખુશીથી ઝુમી ઉઠ્યા... અહો..!!! આજે મહા સુદ પાંચમ ! એટલે કે વસંતપંચમી – શ્રી સરસ્વતી પુજાનો અનોખો દિવસ. વસંતના વધામણા ફક્ત ભારતમાં જ નહીં પણ યુરોપિયન દેશોમાં પણ હોય છે. માર્ચ-એપ્રિલ મહિનાના આ ઋતુ બદલાવને ત્યાં (Spring) કહે છે. ધીમે ધીમે અમારી નાવ કિનારા તરફ સરકી રહી હતી...

દૂર દૂર શ્રી અજિતનાથ દાદાનાં દેરાસરજીની ધજા આકાશમાં ફરફરતી દ્રષ્ટિગોચર થઈ. ઢોલના લયબધ અવાજ સંભળાઈ રહ્યા હતા. વસંતપંચમી એટલે કમુરતા ઉતરે અને થનગનતા યુવાન હૈયાઓ જેમની સગાઈ થઈ ગઈ હોય તે કોઈકને કોઈક સમાજના, મહાજનનાં સમુહ લગ્નમાં જોડાવવા આતુર થઈ ગયા હોય તેનું વણપુછ્યું મુહરત. વરઘોડાની તૈયારીઓ થઈ ચુકી હતી... કચ્છી લંઘાઓ ગળામાં ખેસ ભેરવી તેના પર ઢોલ લટકાવી, શરણાઈનાં સુરને સાથ આપતાં ''ધબાક... ધૂમ... ધૂમે''નાં અવાજથી જાનૈયાને રાસ-ગરબા અને કચ્છી નૃત્ય કરવા પ્રોત્સાહિત કરતા લગ્ન મંડપ તરફ આગળ વધતા હતા. વચ્ચે રોકાઈ તેમને ''ગોર''ની અપેક્ષાએ વધુ ઉન્માદપૂર્વક ઢોલ વગાડતા જોવાની કલ્પના સાથે અમે અમારી નાવડીને કિનારે લાંગરી તૈયાર થઈને ઉતર્યા.

વસંતપંચમીનાં વધામણાએ અમને કચ્છી કવિ 'તેજ'ની પ્રખ્યાત કવિતાને સ્મરણપટ પર અંકિત થતી જોઈ. આખી કવિતા ઉતારવાનો લોભ જતો કરી ફક્ત બે-બે પંક્તિઓ જ ઉતારૂં છું.

**''ભ્રમર ચેતો કમલજે કનમેં,**
**વા ! વા ! વસંત આવઈ અજ વનમેં;**
**વન ભન્યો કાનુડો, અજ રાધા ભનઈ વસંત,**
**હીયું હીયેસેં મિલ્યો, ઉડ્યો પ્રેમજો રંગ;**
**કોયલ બંસી ગજઈ અજ ગગનમેં,**
**વા ! વા ! વસંત આવઈ અજ વનમેં...''**
**(સાંભાર – તેજવાણી ૨૦૦૮, પેજ નંબર-૨૫)**

કચ્છ હાલમાં મુંબઈગરા માટે Destination Marriageનું પસંદગીનું સ્થળ પામ્યું છે. અહીં આજે એક


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા – સુજાપર (ભાંડુપ)**

એકથી ચડિયાતા રીસોર્ટ, ત્રણ તારક હોટલો, ખુલ્લા પાર્ટી પ્લોટ, હોલ ઉપલબ્ધ છે. સારામાં સારા ઈવેન્ટ મેનેજર્સ, કેટરર્સ, મહેંદી રચનારા, ડી.જે પણ હાજર છે. થોડીક તંગી છે ફક્ત અસલ કચ્છી ઢોલ અને શરણાઈ વાદકોની. કચ્છનાં લંઘાઓ ઉપર તો પી.એચ.ડી કરી શકાય એટલો ઈતિહાસ અને સાહિત્ય ઉપલબ્ધ છે. સંશોધન કરી ભવિષ્યમાં એક આખો અંક તેમના પર કરવાની ઈચ્છા છે.

પણ આ ''ચલતે... ચલતે...''માં અમારે વાત માંડવાની છે ''શ્રી આઝાદ કચ્છ મિત્ર મંડળનાં ખેલૈયાઓની જે લગભગ ઈ.સ. ૧૯૫૫થી ૧૯૬૫ સુધી કાર્યરત હતી, પછી ધીમે ધીમે વિખરાતું ગયું. અને જેના સુત્રધાર હતા સ્વ.શ્રી ચાંપશીભાઈ નાગડા અને વડીલ બંધુ શ્રી લક્ષ્મીચંદ ભારમલ નાગડા.

તેમણે ''ધમાલ'' તેમજ ''બાર દાંડિયા''ની રમત માટે તેમજ અન્ય ઉદ્દેશ્યો સાથે આ મંડળની સ્થાપના કરેલ; શ્રી આઝાદ કચ્છ મિત્ર મંડળનાં સભ્યો ફક્ત ''રાસ કે દાંડિયાની રમત જ નહોતા રમતા'' પણ કોઈનાં લગ્ન પ્રસંગે તે જમાનામાં મસજિદ બંદરમાં આવેલ ટનટનપુરા સ્ટ્રીટમાં ''શ્રી કાનજી વસનજી પાલાણી''ની વાડીમાં કે કોઈના ઘરે પણ **પીરસણીયા** બન્નીને ઉભા રહી જતા અને રસોડું ઓટોપાઈ ન જાય ત્યાં સુધી ''લક્ષ્મીચંદ અને મંગલ'' રસોઈયાને મદદ કરી એક અનોખી સેવા બજાવતા. તેમજ સારા-નરસા પ્રસંગોએ પોતાની સેવા બજાવવા દોડી જતા.

શ્રી આઝાદ કચ્છ મિત્ર મંડળનાં એક માત્ર સભ્ય અમારી ધારણા પ્રમાણે મોજુદ છે તે શ્રી લીલાધર નરશી ખોના (ઉ. વર્ષ ૮૭, સુથરી-અંતરજાળ-ગાંધીધામ), તેમના સુપુત્ર શ્રી ચેતન લીલાધર ખોના હાલમાં મેનેજરશ્રી, ગુણપાર્શ્વ નગર દેઢિયાનો સંપર્ક સાધતા તેમના પિતાશ્રી પાસેથી તેમની યાદદાસ્ત મુજબ નીચે મુજબ શ્રી આઝાદ કચ્છ મિત્ર મંડળનાં સભ્યોની નામાવલી મળી છે.

(૧) શ્રી ચાંપશીભાઈ તથા (૨) શ્રી લક્ષ્મીચંદભાઈ નાગડા (સ્થાપક), (૩) શ્રી લક્ષ્મીચંદ ત્રીકમજી સોની (વાકું-ખજુરવાલા), (૪) શ્રી ઝલેરચંદ ત્રીકમજી, ડોસા-સુથરી (જવો કાણો), (૫) શ્રી રાયચંદ ત્રીકમજી-ડોસા, (૬) શ્રી ચાંપશી ત્રીકમજી ડોસા, (૭) શ્રી ચીમનલાલ પાસુભાઈ મૈશેરી, લાલા (સી.પી.), (૮) શ્રી કાન્તીલાલ અરજણ દંડ - મંજલ (અધા), (૯) શ્રી ચત્રભુજ અરજણ દંડ-મંજલ, (૧૦) શ્રી ખીમજી અરજણ દંડ-મંજલ, (૧૧) શ્રી મણીલાલ ભવાનજી ધરમશી-જસાપર, (૧૨) શ્રી ચાંપશી વેલજી મણશી ધરમશી-સુથરી, (૧૩) શ્રી પુનમ વેલજી મણશી ધરમશી-સુથરી, (૧૪) શ્રી ટોકરશીભાઈ- (શ્રી નરશી પાસુ સુથરીનાં સાલ), (૧૫) શ્રી હંસરાજભાઈ-જખૌ, (૧૬) શ્રી હીરજી લીલાધર મોતા-જસાપર, (૧૭) વિજયભાઈ-દબડાગલીવાળા અને શ્રી લીલાધર નરશી ખોના.

(નોંધ : ઉપરની નામાવલી સંપૂર્ણ નથી તેમજ તેમાં નામ-અટક-ગામ વિશે પણ થોડી ગરબડ થવાની શક્યતા છે. શ્રી લીલાધરભાઈ પાસેથી ૮૭ વર્ષની વયે આટલું મેળવી શક્યા એનું સંશોધન કરી વધુ વિગત મેળવવાની ઈચ્છા છે.)

ઉપરના શ્રી આઝાદ કચ્છ મિત્ર મંડળનાં ખેલૈયા વિશે તેમજ તેમના સમયનાં લંઘા-ઢોલી વિશે કોઈપણ માહિતી-ફોટા કોઈની પાસે પણ ઉપલબ્ધ હોય તો જણાવવા વિનંતી.

એક જાણકારી મુજબ શ્રી આઝાદ કચ્છ મિત્ર મંડળે એક વસ્તીપત્રક પણ બહાર પાડેલું. કદાચ તે વખતના મુંબઈ પુરતું. તેના ઈતિહાસની વિગતો મળશે તો સુવર્ણ અક્ષરે આગામી અંકોમાં સ્થાન આપવાનાં પ્રયત્ન કરીશું.

શ્રી આઝાદ કચ્છ મિત્ર મંડળના ખાસ ઢોલી સ્વ. શ્રી ઈસ્માઈલ અને સ્વ. શ્રી જુસબ વિશે માહિતી મેળવવા નલિયાના બડ઼ગરા નિવાશી શ્રી મુલચંદ પદમશી મોતા નો સંપર્ક સાધ્યો પણ ઢોલીના કુટુંબીજનો પાસેથી તેમના ટુંકા રોકાણમાં વધુ વિગતો મેળવી શકાઈ નહીં.

અલવિદા લેતા પહેલાં... આગામી અંકોમાં (૧) શ્રીમતી ભારતીબેન પ્રેમચંદ નાગડા (ઉ. વ. ૮૧ - જખૌ - ચેબુંર) તરફથી સાહિત્યીક અને વીઝુયલ આર્ટસ પ્રવૃતિઓની ફોટા સહિત વિગતો.

(૨) હાલમાં જ kdovp.com ઉપર શ્રી જલગાંવ કે.ડી.ઓ ખેલોત્સવ-૮નાં ફોટા જોયા. એક ફોટામાં સ્મૃતિચિહ્ન પ્રદાન કરતાં નારીરત્ન એવોર્ડથી સુશોભિત શ્રીમતી શૈલા નરેન્દ્ર લોડાયા (ઉ.વ. ૬૭, બારોઈ-જલગાંવ)ને જોયા. અતીતની અટારીએ લટાર મારતાં વર્ષ ૧૯૯૨થી વર્ષ ૨૦૦૦ સુધીના શ્રી મહારાષ્ટ્ર એકમના મલ્કાપુર ખાતે ઉજવાતા વાર્ષિકોત્સવમાં શ્રીમતી શૈલાબેન અને જલગાંવનાં તેમના સાથી કલાકારો ભવ્ય રજુઆત કરતા, એના વિગતવાર સંસ્મરણો હવે પછી આ પાના પર આલેખી નાટ્યાંજલી અર્પિત કરશું.

અમે ઘણી બધી વ્યક્તિઓ, સંસ્થાઓનાં આભારી છીએ પણ આભાર વિધિ છેલ્લા અંકોમાં કરીશું... (વધુ આવતા અંકે)

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : પ્રવિણ માણેકજી મૈશેરી - નાની સિંધોડી (રાયપુર), મહાવીર ટ્રેડીંગ કાું.**

# ૮ માર્ચ – મહિલા ગૌરવ દિન

વિશ્વ મહિલા દિનની દરેક મહિલાઓને ખૂબ ખૂબ શુભકામના.

મિત્રો, આજે મહિલા દિવસ વિશે જાણીએ, મહિલા દિવસ પૂરા વિશ્વમાં ૮ માર્ચના ઉજવવામાં આવે છે. આપણા શાસ્ત્રોમાં નારી શક્તિનો મહિમા ખૂબજ સારી રીતે વર્ણવવામાં આવેલ છે. એનો મહિમા અપાર છે. નારી તો નારાયણી છે. નારીશક્તિને શબ્દોમાં વર્ણવવી શક્ય નથી. ત્યાગ-બલિદાનની મિસાલ છે માટે તે સમ્માનને પાત્ર છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીની શરૂઆત એક મજદૂર આંદોલન સમયે કરવામાં આવી. ૧૯૦૮માં અમેરીકાના ન્યૂયોર્કમાં ૧૫૦૦૦ મહિલાઓ દ્વારા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું. તે સમયે તેમની માંગ સારા વેતન અને વોટ (મત) આપવાનો અધિકાર મળે તે માટે હતી.

આ આંદોલન પછી ઠીક ૧ વર્ષ પછી ૮ માર્ચના મહિલા દિવસની ઉજવણીની શરૂઆત થઈ. ૧૯૭૫માં સંયુક્ત રાષ્ટ્રસંઘે ઉજવણી કરી ત્યારથી સત્તાવાર સમર્થન મળ્યું.

મહિલા દિવસનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓને તેમના અધિકાર પ્રાપ્ત થાય અને પુરૂષ સમકક્ષ બની દરેક ક્ષેત્રમાં આગળ વધે. અમુક વર્ગો આજે પણ મહિલાના સ્થાનને સમજી શકતા નથી. એમના વિચારોમાં બદલાવ લાવવા અને દેશ-દુનિયામાં અમુક દુષણો જેવા કે, દહેજ પ્રથા, ઘરેલુ હિંસા, દિકરા-દિકરી વચ્ચે શિક્ષણની અસમાનતા, કન્યા ભ્રુણ હત્યા રોકવાનો છે.

સાચા અર્થમાં મહિલા દિવસ મનાવવાનું ત્યારે સાર્થક બનશે જ્યારે દરેકના મહિલા પ્રત્યેના વિચાર બદલાશે. મહિલાને દરેક ક્ષેત્રમાં આગળ વધવાનો સમાન અધિકાર હોવો જોઈએ. મહિલા તથા બાળકીઓ ઘર તેમજ કાર્યસ્થળ પર સુરક્ષિત હોય તેમ માને. દરેક મહિલામાં રહેલ હુન્નર બહાર આવે અને તેઓ આત્મનિર્ભર બને.

મહિલાની જીંદગી, માતા બનીને બાળકને જન્મ આપનારી, દિકરી બનીને માતા-પિતાનું નામ રોશન કરનારી, પત્ની બનીને પતિની અર્ધાંગિની બને છે, આમ અનેક જવાબદારી નિભાવે છે. નારીના ગુણગાન તો પ્રભુ પણ કરે છે.

એથી જ આપણે કહી શકીએ કે,

સ્ત્રી એટલે વાત્સલ્ય, સ્ત્રી એટલે માંગલ્ય, સ્ત્રી એટલે માતૃત્વ, સ્ત્રી એટલે કર્તવ્યનિષ્ઠાની જીવતી જાગતી મિસાલ.

– **પૂનમ મુકેશ ગોસર** – મુંદરા-કચ્છ

: જય જય શ્રી અંબાઇ મા :

# ક.દ.ઓ. મોતા પરિવારના ભાવિકજનો જોગ

આપણા કુળદેવી મા અંબાઇમાની સમુહ પહેડી **શનિવાર તા. ૨.૪.૨૦૨૨,** ગુડીપડવાના દિવસે **જૈનમ હોલ, L.B.S. માર્ગ, ભાંડુપ(વે)** ખાતે **સવારના ૯.૩૦** થી યોજાશે. આ વર્ષના સમુહ પહેડીના લાભાર્થી પરિવાર છે, **માતુશ્રી રતનબાઈ ત્રીકમજી મોતા પરિવાર, સુથરી – મુલુંડ.**

આગામી પાંચ વર્ષ માટે ટ્રસ્ટીઓની નિમણુંક કરવા વાર્ષિક સામાન્ય સભા સાથે જ કરવાની હોઇ સૌને સમયસર પધારવા વિનંતી છે.

પરિવારના જે બાળકો એકેડેમિક વર્ષ ૨૦૧૮/૧૯, ૨૦૧૯/૨૦, ૨૦૨૦/૨૧ ના વર્ષ માટે SSC તથા HSC (પ્રથમ બે) એવમ્ ડીપ્લોમા / ડીગ્રી કે તેથી ઉપરની પરીક્ષામાં ઉતીર્ણ થયા હોય તે બધા એવમ્ ખાસ નોંધપાત્ર સિધ્ધી મળેલી હોય તેઓનું સન્માન કરાશે.

સૌ બાળકોને પોતાની વિગત ફોટા સાથે **૨૦ માર્ચ ૨૦૨૨** સુધી tanmantour@gmail.com પર ઇ-મેલથી અથવા નીચે જણાવેલ સરનામે મોકલી આપવા વિનંતી છે.

કોરોના મહામારીને કારણે બે વર્ષના ગાળા બાદ યોજનારી આ પહેડીમાં સૌ ભાવિકોને જરૂરથી અને સમયસર પધારવા વિનંતી છે. ભાવિકોએ કોરોના બાબતના નિયમો પાળવાના રહેશે.

## શ્રી ક.દ.ઓ. મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા

C/O **મે. તનમન ટુર એન્ડ ટ્રાવેલસ, એ-૧૯/૨૦ મોનાની સદન, ભારત બેંક સામે, જવાહરલાલ નેહરૂ રોડ, મુંલુડ(વે) મુંબઇ ૪૦૦૦૮૦. ફો.નં. ૦૨૨ – ૨૫૯૦૩૫૧૪/૧૫/૧૬**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના – નલિયા (મુલુંડ)**



॥ શ્રી અજિતનાથાય નમઃ ॥ રજી નં. એ-૭૫-જામનગર

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ

મુ.પો. દલતુંગી, જી. જામનગર, ગુજરાત - ૩૬૧૨૮૦

મુંબઈ કાર્યાલય : C/o. ૨૦૮, ભાવેશ્વર કૉમ્પ્લેક્સ, રેલ્વે સ્ટેશન પાસે, વિદ્યાવિહાર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

તા. ૨૫-૦૨-૨૦૨૨

પ્રિય ગામવાસી ભાઈઓ, જય જિનેન્દ્ર !

**સર્વે ગામવાસી ભાઈ બહેનોને નવા વર્ષની શુભકામના. નવું વર્ષ આપ સૌને માટે સુખ-સમૃધ્ધીમય રહે એજ અભ્યર્થના. દલતુંગી ગામવાસીઓની સામાન્ય સભા બોલાવવાનું નક્કી કરેલ છે. સર્વે ગામવાસીઓએ નોંધ લેવી તથા અચૂક હાજરી આપવા નમ્ર વિનંતી.**

● **કોરમના અભાવે અર્ધા કલાક પછી એજ સ્થળે સભા ચાલુ કરવામાં આવશે. જે સૌને બંધનકર્તા રહેશે.**

## મીટીંગનો એજન્ડા નીચે મુજબ રહેશે.

૧) વર્ષ ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ના હિસાબ રજુ કરી બહાલી આપવી.

૨) હાલના ટ્રસ્ટ બોર્ડની મુદત ૩૧ માર્ચ ૨૦૨૨ના પૂર્ણ થતી હોય, નવા ટ્રસ્ટીઓની નીમણૂંક પાંચ વર્ષ માટે (તા. ૧-૪-૨૦૨૨ થી ૩૧-૩-૨૦૨૭) કરવી.

૩) દેરાસર સંકુલમાં બનાવેલ દેવ-દેવીઓની ડેરીના નકરા.

| | | | |
|---|---|---|---|
| **શ્રી પદ્માવતી દેવી** | - રૂા. ૨.૦૦ લાખ | **શ્રી ભોમીયાજી દેવ** | - રૂા. ૨.૦૦ લાખ |
| **શ્રી મહાલક્ષ્મી દેવી** | - રૂા. ૨.૫૦ લાખ | **શ્રી નાકોડા ભૈરવ દેવ** | - રૂા. ૨.૫૦ લાખ |
| **શ્રી સરસ્વતી દેવી** | - રૂા. ૨.૦૦ લાખ | **શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ** | - રૂા. ૨.૦૦ લાખ |

સર્વે નકરા વહેલા તે પહેલાના ધોરણે લેવામાં આવશે. નામો ટ્રસ્ટી **શ્રી પ્રવિણભાઈ લોડાયા (98338 19689)** ને નોંધાવવા વિનંતી. અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આદેશ મુજબ પ્રતિષ્ઠા કરવામાં આવશે.

**પ્રતિષ્ઠાનું મુહુર્ત વૈશાખ સુદ ૪ ને બુધવાર, તા. ૪-૫-૨૦૨૨ નિકળેલ છે.**

૪) **દલતુંગી દેરાસરજીની ૧૧૯મી ધ્વજા વૈશાખ સુદ પાંચમ ને ગુરૂવાર તા. ૫-૫-૨૦૨૨ના આવે છે.** મિટીંગ દરમ્યાન ચડાવો લઈ આદેશ આપવો.

૫) દેરાસર સર્વ સાધારણ નિભાવ ફંડ (રૂા. ૩૦૦૦/-) લેખે વર્ષ ૨૦૨૨-૨૦૨૩ (૧-૪-૨૦૨૨ થી ૩૧-૩ ૨૦૨૩) નામો નોંધાવવા વિનંતી. (કોરોના બિમારીના લીધે છેલ્લા બે વર્ષથી સર્વ સાધારણમાં નામો નોંધેલ નથી.)

૬) મહાજનવાડી તથા ભોજનશાળાના ચાર્જિસ બાબત ચર્ચા કરવી.

૭) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય મુદાઓની રજુઆત તથા ચર્ચા વિચારણા કરવી.

**સભાનું સ્થળ :**
ગોપુરમ હૉલ, ડૉ. આર.પી. રોડ, મુલુંડ (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૮૦.

**તારીખ :** રવિવાર, તા. ૧૩-૩-૨૦૨૨
**સમય :** બપોરના ૩.૦૦ થી ૬.૦૦ કલાકે
ચા-કૉફી, અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.

### ટ્રસ્ટ બોર્ડ

| | |
|---|---|
| શ્રી પ્રવિણ જેઠાલાલ લાપસીયા (પ્રમુખ) | - 98210 92767 |
| શ્રી વનરાજ દામજી માલદે (ઉપપ્રમુખ) | - 98194 61510 |
| શ્રી દિલીપ ડુંગરશી લાપસીયા | - 92144 26142 |
| શ્રી પંકજ હિરજી માલદે | - 72081 56691 |
| શ્રી પ્રવિણ રાયચંદ લોડાયા | - 98338 19689 |

### સ્થાનિક ટ્રસ્ટી

| | |
|---|---|
| શ્રી શામજી પેથરાજ શિયાળ | - 75671 40940 |
| શ્રી ઉત્તમચંદ શામજી માલદે | - 87809 76364 |

મિટીંગમાં હાજર સૌએ કોવિડ પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

લિ. **શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ વતી સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર !**

## ''અનુમોદનીય અને અનુકરણીય કાર્યશૈલી''

ગયા મહિને પ્ર.સ.ના પાના ૫ર શ્રી નલીયા મહાજન હસ્તક ઘણા વર્ષોથી ચાલતી પાંજરાપોળ માટે ૧ વર્ષથી ચાલુ કરેલ દાનના પ્રવાહની વિગતો વાંચી. ને તે પણ પૂરા ૧૦ પાના પરની નામાવલી પ્રગટ થયેલ છે. આશ્ચર્ય સાથે આનંદ પણ થયો જ. નામની વિગતો જોતા માત્ર આપણી કે.ડી.ઓ. જ્ઞાતિજનો જ નહીં પણ ઈતર કોમના વ્યક્તિઓ જેમાં લોહાણા, ભાનુશાલી, ગુર્જર જૈન તો છે જ પણ એમાં મુસલમાન કોમનાં પણ નામ છે. આશ્ચર્ય!!




૧૫-૨૦ વર્ષ પહેલાં મહાજનશ્રી/પાંજરાપોળની ટીમ દ્વારા અમુક સેવાભાવી જ્ઞાતિજનો સ્વેચ્છાએ પોતાના કિંમતી સમયનો ભોગ આપીને ગામેગામ ફાળો એકત્રિત કરી ને યથાસમયે મહાજનશ્રીને મોકલાવતા હતા, પણ મર્યાદિત રહેલ છતાં જેમણે આમાં સાથને સહકાર આપેલ છે તે સૌ ધન્યવાદને પાત્ર છે જ.

આપણાં શાસ્ત્રોમાં પણ જીવદયાને સાધર્મિક ભક્તિનો વિશેષ ઉલ્લેખ કરાયેલ છે. આ વિચારસરણી અનુસાર છેલ્લા વર્ષ સવા વર્ષથી મહાજનના પ્રમુખશ્રીની દોરવણી હેઠળ પાંજરાપોળ ફાળા માટે પાંચ જણની કમિટી દ્વારા ખૂબજ અનુમોદનીય કાર્ય થઈ રહેલ છે, એક નાનકડા વિચારને હાલના મોબાઈલ યુગમાં સુંદર પદ્ધતિ અપનાવીને છેલ્લા ૧૨ માસમાં 'ટીપે ટીપે સરોવર ભરાય' એ ઉક્તિ અનુસાર લગભગ ૫૦ લાખથી વધારે રકમનો ફાળો એકત્રિત કરાયો છે. સરકાર તરફથી દરેક પાંજરાપોળને ઢોર દીઠ દૈનિક માત્ર રૂા. ૨૫/-ની નજીવી સબસીડી જ અપાય છે. એમાં 'ઝાઝા હાથ રળિયામણા'ની ઉક્તિને સાર્થક કરતાં એક પછી એક દાનવીર તરફથી ફૂલ નહીં તો ફૂલની પાંખડી અનુસાર નાનકડો પણ દૈનિક ધોરણે ફાળો જમા થઈ રહેલ છે. દરેક કુટુંબમાં પોતાના જન્મદિન, લગ્નતિથી, બાળકોનાં સારા ધોરણે પાસ થવાના ને વડીલોની પુણ્યતિથી અને એવા બીજા સારા-નરસા પ્રસંગે દરેક કુટુંબ ફાળો મોકલાવે છે ને એ દિવસના સંધ્યાકાળે એ ફાળાની રકમ પૂરા નામ/દામ સાથે 'વોટ્સએપ ગ્રુપ' માં લગભગ દરેકને પહોંચતી કરાય છે. ને દાનવીરને પણ એનાથી સંતોષ ને ખુશીની લાગણી થાય છે જ.

નલીયા મહાજનશ્રી/પાંજરાપોળની આ ટીમે એક સુંદર અને અનુમોદનીય કાર્યની શરૂઆત કરેલ છે ને કચ્છની અન્ય પાંજરાપોળ માટે એક સુંદર દાખલો બેસાડેલ છે. જરૂર છે દરેક ગામે આવા ૫-૧૦ સંનિષ્ઠ કાર્યકરોની ટીમ!! આ ટીમનાં કાર્યકરોને, પ્રમુખશ્રીને લાખેણાં અભિનંદન અને શુભેચ્છાઓ!!

**- પદમકુમાર ધનજી નાગડા,**
**થાણા(હુબલી) ૮૮૯૨૫૫૨૬૦૭**

## ઝુકી તો જવાય ને

અમો બેંગ્લોરથી મુંબઈ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ના રહેવા આવ્યા છીએ. હજી તો ફક્ત ૧ વર્ષ થયું છે. મારો બાબો સંયમ બે વર્ષનો છે. મને મુંબઈ મહાજનનું માયનોરિટી સર્ટીફિકેટ જોઈતું હતું. એવામાં ૧ ફેબ્રુઆરી ૨૦૨૨ના સવારના ૧૧ વાગે મારો સંપર્ક દિનેશ રામજી લોડાયા (સાંધવવાળા) સાથે થયેલ. મેં એમને વાત કરી એમણે કહ્યું તેમ ચિંતા નહીં કરતા, થઈ જશે. એમને પોતાના માણસ સાથે સાંજના પાંચ વાગે મને ફોર્મ આપેલ જે ભરીને મેં રાતના એમને વોટ્સએપ કરેલ. સવારના ૧૦ વાગે (૨-૨-૨૦૨૨) એમનો માણસ મારા ઘરેથી ફોર્મ લઈ ગયો. અને બપોરના ૩.૦૦ વાગે લાગા રસીદ સાથે સર્ટીફિકેટ ઘેર આપી ગયો હતો. હું અચરજ પામી ગઈ. આવી ફાસ્ટ સર્વીસ કોઈ આપી શકે? મને નવાઈ લાગી, એમની ઉંમર ૭૦ વર્ષની છે. આ ઉંમરના મહાજનશ્રીના સ્ફુર્તીલા કાર્યકરને મારા સલામ. મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી નયનભાઈને પણ આ સાથે ખૂબ ખૂબ અભિનંદન. મુંબઈમાં આ કામ આટલું ઝડપી થશે એવી અમે કલ્પના પણ કરી ન હતી. પરમકૃપાળુ પરમાત્મા એમને શતવર્ષનું દીર્ઘ આયુષ્ય આપે એજ અભ્યર્થના.

**- રાજુલ સંભવ દંડ**, મુલુંડ


